| | | | |
|---|---|---|---|
| રજુ કર્યા તારીખ : | ૦૩/૦૧/૨૦૧૯ | | |
| દાખલ તારીખ : | ૦૩/૦૧/૨૦૧૯ | | |
| ફૈંસલ તારીખ : | ૧૫/૦૨/૨૦૧૯ | | |
| સમય મર્યાદા : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૧ | ૧૨ |

**<u>ધનસુરાના મે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. શ્રીની અદાલતમાં, મુ.ધનસુરા.</u>**

**<u>ક્રિમીનલ કેસ નં:–૦૧/૨૦૧૯</u>**

આંક–૨૯

**<u>ફરીયાદી:</u>**– શ્રી સરકાર

**<u>વિરુધ્ધ</u>**

**આરોપી:– નીલેશભાઈ દોલસીહ રાઠોડ**
રહે.લાલીનોમઠ , તા.ધનસુરા, જી.અરવલ્લી .

**ગુનો : પ્રોહી.એકટ કલમ– ૬૫(ઈ) મુજબ.અઅઅઅ**

---

ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી.એસ.એ. જોષી
આરોપી તરફે વિ.વ.શ્રી એમ.પી.ચમાર

---

**<u>// ઠરાવ //</u>**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૮/૧૦/૨૦૧૮ ના રોજ કલાક : ૧૯/૩૦ વાગ્યે મોજે લાલીનામઠ ગામે વગર પાસ પરમીટે પોતાના અંગ કબજામાં એક પ્લાસ્ટીકના કેનમાં દેશી દારુ લીટર–૫, કિંમત રૂા.૧૦૦/–નો રાખી પ્રોહી.રેડ દરમ્યાન નાસી જઈ, ગુન્હો કર્યા સબબની ફરીયાદ ફરીયાદી અ.હે.કો. ધર્મેન્દ્રસીંહ મોહનસીંહના ઓએ ધનસુરા પોલીસ મથકે આપતાં, આરોપી વિરૂધ્ધ ગુન્હો દાખલ થઈ

ત્યારબાદ, તપાસ કરનાર અધિકારીશ્રી ઈશ્વરસીંહ અમરસીંહ નાઓએ સદર ગુન્હાના કામેની તપાસ કરી, આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતાં, પ્રોહી. એકટની કલમ–૬૫(ઈ) મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ કરેલું.

(૨) આ કામે આ અદાલત તરફથી આરોપી સામે સમન્સ ઈસ્યુ કરવામાં આવતા, આરોપી અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલ. ત્યારબાદ, ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ મુજબ આરોપીને પોલીસ તપાસનાં કાગળોની નકલો પુરી પાડી, આરોપી સામે આંક–૨૧ થી વિગતવારનું તહોમતનામું ઘડી,વાંચી , સંભળાવી, આંક–૨૨ થી નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલી.

(૩) આ કામે ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબનાં મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**// મૌખિક પુરાવા //**

| અ.નં | સાહેદની વિગત | આંક |
|---|---|---|
| ૧. | અમૃતભાઈ ગલબાજી પરમાર –પંચ સાહેદ | ૨૩ |
| ૨. | ચંદુભાઈ ગલબાજી પરમાર પરમાર–પંચ સાહેદ | ૨૫ |
| ૩. | એ.એસ.આઈ.ઈશ્વરસીંહ અમરસીંહ–ત.ક.અધી. | ૨૬ |
| ૪. | અ.હે.કો.ધમેન્દ્રસીંહ મોહનસીંહ –ફરીયાદી | ૨૭ |

**// દસ્તાવેજી પુરાવા //**

| અ.નં | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | મુ.મા.કબજે કર્યાના પંચનામાની ખરી નકલ | ૨૪ |
| ૨. | ફરીયાદની ખરી નકલ | ૨૮ |

**(૪)** ફરીયાદપક્ષે પુરાવો પુરો થયા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધતા તેમાં આરોપીએ તેમના વિરુધ્ધના પુરાવાઓની હકીકતોનો ઈન્કાર કરી પોતે બચાવમાં પુરાવો માંગતા ન હોવાનું જણાવેલ છે અને વિશેષમાં પોતાની સામે ખોટો કેસ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે.

**(૫)** ત્યારબાદ, ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તર્ફે વિ.વકીલ શ્રીની દલીલો સાંભળવામાં આવી.

**(૬)** આ કામે કેસની તમામ હકીકત, સંજોગો અને રજુ કરેલ પુરાવાઓને તથા બંને પક્ષે કરવામાં આવેલી દલીલો ધ્યાને લેતાં,આ કેસનાં ન્યાયિક નિર્ણય માટે નીચેનાં મુદાઓ ઉપસ્થિત થાય છે.

**<u>– : મુદાઓ :–</u>**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ તા.૮/૧૦/૨૦૧૮ ના રોજ કલાક : ૧૯/૩૦ વાગ્યે મોજે લાલીનામઠ ગામે વગર પાસ પરમીટે પોતાના અંગ કબજામાં એક પ્લાસ્ટીકના કેનમાં દેશી દારુ લીટર–૫, કિંમત રૂા.૧૦૦/–નો રાખી પ્રોહી.રેડ દરમ્યાન નાસી જઈ, પ્રોહી. એકટની કલમ– ૬૫(ઈ) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદાનાં નિર્ણયો હવે પછી જણાવેલ કારણો અનુસાર નીચે મુજબ છે.

(૧) નકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ

**(૮)** ઉપરોકત નિર્ણયોનાં કારણોની નીચે મુજબ ચર્ચા કરવામાં આવેલ છે.

**– : <u>કા ર ણો</u> :–**

**<u>મુદા નં.૧.</u>**

(૯). ઉપરોકત દલીલો, કેસની હકીકત , સંજોગો તથા રેકર્ડ પર પડેલ પુરાવાઓ જોતા, ફરીયાદ પક્ષે આ કામે આરોપી વિરુઘ્ઘ તહોમત પુરવાર કરવા સારુ આ કામેના ફરીયાદી શ્રી અ.હ..કો. ધર્મેન્દ્રસીંહ મોહનસીંહ નાઓને આંક–૨૭ થી તપાસેલા છે જેઓએ પોતાના મૌખીક પુરાવા દરમ્યાન આંક–૨૮ થી પોતે દાખલ કરાવેલ ફરીયાદની ખરી નકલ રજુ કરેલ છે અને ફરીયાદમાં તથા જુબાનીમાં મહત્વની વિરોધાભાસી હકીકતો પોતાની સરતપાસ દરમ્યાન જણાવેલ છે અને જણાવેલ છે કે બાતમીવાળી જગ્યાએ એટલે કે આરોપી તેના ઘરની આગળ આવેલ ઘાસના ઢગલામાંથી તેના હાથમાં એક પ્લા.કેન લઈ સીમ તરફ નાઠેલો જેથી તેમણે તથા પંચો રુબરુ નામ જોગ બુમ પાડતા ઉ ભો રહેવા જણાવવા છતાં ઉ ભો રહેલ નહી તેને પકડવા પાછળ પડતા તે પોતાના હાથનુ પ્લા.નુ કેન જમીન ઉપર મુકી નજીકના ઘરોની આડ લઈ નાસી ગયેલ. જેથી તેમણે પંચો રુબરુ કેન પાસે જઈ જોતાં દેશી દારુ ગાળવાનો વોશ લીટર–૫ કિં.રૂ.૧૦૦/–નો મળી આવેલ તેમ જણાવી, આંક–૨૮ ની ફરીયાદમાં તેમની સહી ઓળખી બતાવેલ છે તેમજ આરોપીને ઓળખી બતાવેલ છે. જયારે બચાવ પક્ષની ઉલટ તપાસ દરમ્યાન સદર સાહેદે કબુલ રાખેલ છે કે, બનાવવાળા સ્થળની આજુબાજુ ઘણા બધા માણસોની અવરજવર રહે છે. વધુમાં સદર સાહેદે કબુલ રાખેલ છે કે, કહેવાતો મુદ્દામાલ કબજે કરેલો તે આરોપીના કબજામાંથી મળી આવેલો નહીં. વધુમાં સદર સાહેદે કબુલ રાખેલ છે કે, કહેવાતી રેડવાળી જગ્યા આરોપીની માલીકીની હોવા બાબતે કોઈ લેખીત આઘાર પુરાવો આ કામે રજુ કરેલ નથી.

આમ, સદર સાહેદની સમગ્ર જુબાની ઘ્યાને લેતાં સદર સાહેદ પોલીસ સાહેદ છે અને જુબાનીમાં બાતમીવાળી જગ્યાએ એટલે કે આરોપીના ઘરે જતાં એ ઘરની આવેલ ઘાસના ઢગલામાં દેશી દારુ ગાળવાનો વોશ લીટર–૫ કિં.રૂ.૧૦૦/–નો મળી આવેલ તેવી હકીકત જણાવેલ છે. જયારે આંક–૨૮ ની

ફરીયાદમાં આરોપી નાસી ગયેલો અને તેના ઘરના પાછળના ભાગેથી એક કેનમાંથી દેશી દારુ લીટર–પ મળી આવેલો તેમ જણાવેલ છે. આમ, સદર સાહેદે આપેલ ફરીયાદમાં તથા જુબાનીમાં મહત્વની હકીકતે મહત્વનો વિરોધાભાસ રેકર્ડ ઉપર આવેલ છે. જેથી સદર સાહેદની જુબાની વિશ્વસનીય રહેલ ન હોઈ, માની શકાય તેમ નથી. જેથી આ કામે અન્ય સ્વતંત્ર સાહેદોનો પુરાવો જોવાનું મહત્વનું બની રહે છે.

(૧૦) ફરીયાદ પક્ષે પંચ સાહેદ અમૃતભાઈ ગલબાજી પરમાર ને આંક–૨૩ થી તથા પંચ સાહેદ ચંદુભાઈ ગલબાજી પરમાર ને આંક–૨૫ થી સોગંદ ઉપર તપાસેલા છે . સદર પંચ સાહેદોએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, આજથી ચારેક માસ અગાઉ ધનસુરા પોલીસસના બોલાવવાથી તેઓ ગયેલ અને પોલીસ ે એક લખેલા પંચનામામાં તેમની સહી કરાવેલી, સહી શી બાબતે કરાવેલી તેની તેમને ખબર નથી તમજ આ સિવાય બીજી કોઈ હકીકત તેઓ જાણતા નથી તેમ જણાવી, આંક–૨૪ ના મુ.મા.રીકવર કર્યાના પંચનામામાં માત્ર પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે. સદર પંચ સાહેદોને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ લીધેલ છે, જેમાં તેઓએ પંચનામાની હકીકતોનો ઈન્કાર કરેલો છે.

આમ, ઉપરોકત પંચ સાહેદોનાં મૌખીક પુરાવાની હકીકત જોવામાં આવે તો, સદર પંચ સાહેદોએ પંચનામાના કોઈ મજકુરોને સમર્થન આપેલ નથી અને ફરીયાદ પક્ષની તમામ હકીકતો ઈન્કારી દીધેલ છે. આમ, આ કામે ફરિયાદ પક્ષે પંચ સાહેદોએ પંચનામાની હકિકતોને સમર્થનકારી જુબાની આપેલ નથી અને પંચ સાહેદોની જુબાનીથી આંક–૨૪ નું પંચનામુ યોગ્ય રીતે પુરવાર થતુ નથી. આમ,આક્ષેપીત મુદામાલ હાલના પંચ સાહેદોની હાજરીમાં કબજે લેવામાં આવેલ હોવાની હકીકત ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી. આમ, સદર પંચ સાહેદોના

પુરાવાથી ફરીયાદ પક્ષ આંક–૨૪ નું મુ.મા.રીકવર કર્યાનું પંચનામું પુરવાર કરી શકેલ નથી.

**(૧૧)** ફરીયાદ પક્ષે ત.ક.અધિકારી શ્રી એ.એસ.આઈ. ઈશ્વરસીંહ અમરસીંહ નાઓને આંક–૨૬ થી તપાસેલા છે જેઓએ પોતાના મૌખીક પુરાવામાં જણાવેલ છે કે તા.૮/૧૦/૧૮ ના રોજ તેઓને પી.એસ.ઓ.એ ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ સોંપતાં તેઓએ તપાસ સંભાળી લીધેલ અને તપાસના કામે જે પ્રોહી.મુદ્દામાલ પકડેલ તેની મુદ્દામાલ પાવતી બનાવેલી અને તપાસના કામે સામેલ રાખેલી અને ફરીયાદીએ દેશી દારુનો જે પંચનામું કરી કબજે લીધેલ તેને એફ.એસ.એલ.માં મોકલવાની કામગીરી કરેલ અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા તેમજ આરોપીને અટક કરી કોર્ટ હવાલે કરેલ તેમજ આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા મળી આવતાં ચાર્જશીટ કરેલું તેમ જણાવી, આરોપીને ઓળખી બતાવેલ છે. જયારે બચાવ પક્ષની ઉલટ તપાસ દરમ્યાન સદર સાહેદે કબુલ રાખેલ છે કે, બનાવવાળુ ગામ મોટું ગામ છે અને આરોપીના ઘરની આજુબાજુ બીજા મકાન આવેલા છે. વધુમાં સદર સાહેદે કબુલ રાખેલ છે કે, જે જગ્યાએથી પ્રોહી.મુદ્દામાલ મળી આવેલ તે કોની માલીકીની જગ્યા હતી તે બાબતે કોઈ લેખીત દસ્તાવેજી આધાર પુરાવો તપાસના કામે કબજે કરી રજુ કરેલ નથી. વધુમાં સદર સાહેદે કબુલ રાખેલ છે કે, આ કામે એફ.એસ.એલ.નો રીપોર્ટ આવતા અગાઉ ચાર્જશીટ કરેલ છે.

આમ, સદર સાહેદ ત.ક.અમલદાર છે અને આ કામે પોતે કરેલ તપાસને અનુરૂપ જુબાની આપેલી છે પરંતુ આ કામે ચાર્જશીટ જોતાં સદર સાહેદે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ હોવાનું જણાઈ આવતું નથી તેમજ કબજે કરેલ દારુના સેમ્પલનું એફ.એસ.એલ.નો રીપોર્ટ આ કામે રજુ કરેલ નથી તેમજ બનાવવાળુ મકાન આરોપીનું માલીકીનું હોવા બાબતે કોઈ લેખીત આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી તેમ સ્પષ્ટપણે ફલીત થાય છે.

**(૧૨).** આ કામે ફરીયાદ પક્ષ તર્ફે રજુ થયેલ ઉપરોકત સમગ્ર પુરાવાની હકીકતો વંચાણે લેવામાં આવે તો,આ કામેના મહત્વના ગણી શકાય તેવા સ્વતંત્ર સાહેદ તરીકે પંચ સાહેદો છે અને જેઓએ હાલના આરોપીના મકાનમાંથી આક્ષેપીત મુદામાલ કબજે કરેલ હોય તેવી હકીકત જણાવેલ નથી. સ**<u>્ટેટ ઓફ ગુજરાત વિ. સુરેશભાઈ એસ. પટેલનો ચુકાદો કે જે (૨૦૧૧) ૨૬ જી. એચ. જે. (૧) મ</u>**ાં પ્રસિઘ્ધ થયેલ છે જે ઘ્યાને લેવામાં આવે તો, જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રસ્થાપિત સિઘ્ધાંત પ્રમાણે જયારે પંચ સાહેદ ફરિયાદ પક્ષે ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરિયાદીના પુરાવા ઉપર આધાર રાખવો એ સલામતીભર્યુ ગણાય નહિં. નામ. સર્વોચ્ચ અદાલતના ચુકાદા "AZEEZ V/S. STATE OF KERALA 2013 (0) GLHEL- S.C. 52570" માં પ્રતિપાદીત થયેલ સિઘ્ધાંત મુજબ જયારે કેસમાં અન્ય સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય અને પંચ સાહેદો હોસ્ટાઈલ થયેલા હોઈ ત્યારે માત્ર પોલીસ સાહેદોની જુબાનીના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. હાલના કામે ચાર્જશીટ જોતાં આ કામેના ફરીયાદી તથા ત.ક.અમલદાર પોલીસ સાહેદો છે જેઓ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપે તે સ્વાભાવીક છે. પરંતુ જયારે સ્વતંત્ર ગણી શકાય તેવા પંચ સાહેદોએ કેસની હકીકતોને કોઈ જ સમર્થન આપેલ ન હોઈ માત્ર પોલીસ સાહેદોનો પુરાવાનો આધાર લઈ હાલના આરોપીને તકસીરવાન ઠરાવવા એ સલામતી ભર્યુ ગણી શકાય તેમ નથી. તેમજ અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી તેમજ કબજે કરેલ દારુના સેમ્પલનું એફ.એસ.એલ.નો રીપોર્ટ આ કામે રજુ કરેલ નથી તેમજ બનાવવાળુ મકાન આરોપીનું માલીકીનું હોવા બાબતે કોઈ લેખીત આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી. વઘુમાં ફરીયાદીએ ફરીયાદમાં દેશી દારુ લીટર–૫ મળી આવેલ તેમ જણાવેલ છે, જયારે ફરીયાદીએ જુબાનીમાં દારુ ગાળવાનો વોશ લીટર–૫ મળી આવેલો તેવી હકીકત જણાવેલ છે. આ સંજોગોમાં કરેલ ફરીયાદ તથા તપાસ

પુર્વગ્રહયુકત ન હોવાનું માની શકાય તેમ નથી. આમ, સદરહું કામેનો મુદામાલ આરોપીના કબજા ભોગવટાના મકાનમાંથી કબજે લીધેલ હોવાની હકીકત ફરીયાદ પક્ષ નિ:શંપણે તથા સ્વતંત્ર અને નિષ્પક્ષ પુરાવાથી પુરવાર કરી શકેલ નથી અને સ્વતંત્ર અને સમર્થનકારક પુરાવાના અભાવે હાલના આરોપીને સદર ગુનાના કામે સંડોવી શકાય તેવુ જણાઈ આવતુ નથી. આમ, આ કામેના પુરાવાઓ ઘ્યાને લેતા ફરીયાદ પક્ષ આરોપી વિરૂઘ્ઘનો કેસ સાબીત કરવામાં સદંતર નિષ્ફળ નિવડતાં, મુદૃા નંબર–૧''નકારમાં '' નિર્ણીત કરી મુદૃા નં.ર પરત્વે આખરી હુકમ નીચે મુજબનો ફરમાવું છું.

**:: <u>હુ ક મ</u> ::**

આ કામના આરોપી : નીલેશભાઈ દોલસીંહ રાઠોડ, રહે. લાલીનોમઠ, તા. ધનસુરા, જી.અરવલ્લી નાઓને ક્રિ.પ્રો.કોડ કલમ– ૨૪૮(૧) અન્વયે પ્રોહી. એકટ કલમ–૬૫(ઈ) મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

અપીલ પીરીયડ બાદ મુદૃામાલ પાવતીમાં જણાવેલ મુદૃામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ અગાઉ આપેલ જામીન ક્રિ. પ્રો. કોડની કલમ–૪૩૭(એ) અન્વયે ૬ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૫ મી, માહે ફેબ્રૂઆરી , સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૫/૦૨/૨૦૧૯
મુ.ધનસુરા.

(પઠાણ સજ્જાદહુસેન સગીરખાન)
જયુડી. મેજી. ફ.ક., ધનસુરા.
( જજ કોડ નં.જી.જે.૦૧૨૭૩)